ચૂંટણી ચોતરેથી

● આવતીકાલે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો પર જાહેર પ્રચાર બંધ થશે

● હાર્દિક પટેલની નવી પાંચ વીડિયો સીડી વાયરલ.

● રાજકોટમાં કોંગ્રેસના ચારેય ઉમેદવારોની સંયુક્ત રેલી યોજાઈ હતી.

● કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ રાજકોટના ડીસીપી કરણરાજ સહિત ત્રણ અધિકારીઓની બદલી કરવા માંગણી કરી છે.

● ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દ્વારકામાં દ્વારકાધીશના દર્શન કરી ખંભાળિયામાં જાહેરસભા સંબોધી હતી.

● જુનાગઢના ભેસાણમાં પુરૂષોત્તમ રૂપાલાની સભા પહેલા વિરોધ કરી રહેલા પાસના ૧૭ કાર્યકરોની પોલીસે અટકાયત કરી.

● કોંગ્રેસના પાંચ બળવાખોર ધારાસભ્યોને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા. જેમાં મહેશ મજેઠિયા, રાજેન્દ્રસિંહ ઝાલા, લેખુજી ઠાકોર, માવજીભાઈ પટેલ અને રતનસિંહ રાઠોડનો સમાવેશ થાય છે.

● ભાજપે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સાણંદ નગરપાલિકાના કારોબારી ચેરમેન ભીખાભાઈ પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા.

● અમરેલીના વડીયાથી કુંકાવાવના આઠ કીલોમીટર લાંબા રોડ શોનું નેતૃત્વ હાર્દિક પટેલે કર્યુ હતુ. જ્યારે સાંજે અમરેલીમાં જંગી સભાને સંબોધીત કરી હતી.

● આજે રાહુલ ગાંધી પાવી જેતપુર, રામેસર, તારાપુર, લીંબાસી અને આણંદમાં જાહેરસભાઓ સંબોધશે.

● નારણપુરા ભાજપના ઉમેદવારે ત્રીસ હજાર મતદારોને જાતે ફોન કરીને સંપર્ક કર્યો છે.

● મુખ્યમંત્રી વિજય રૂપાણીનો રોડ શો રાજકોટ ખાતે યોજાયો હતો.

● વડોદરાની રાવપુરા બેઠકમાં ૫૧ ઈવીએમ મશીન ચેક કર્યા વગર સીલ કરાતા કોંગ્રેસ દ્વારા હોબાળો કરાયો હતો.

● ગોંડલના ભાજપના ઉમેદવાર અને તેના પતિના ભયથી કોંગ્રેસના ઉમેદવારના પોલીંગ એજન્ટ થવા કોઈ તૈયાર ન હોવાનુ ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગતી રીટ કરાઈ હતી.

માત્ર ત્રણ મહિનામાં જ ભાજપે ૫૩ બેઠકો પરથી પકડ ગુમાવી

ગુજરાતમાં માત્ર અઢી મહિનામાં જ ભાજપના હાથમાંથી ૫૩ બેઠક સરકી ગઈ છે અને ૧૬ ટકા વોટનું નુકશાન થયું છે. જયારે બીજી તરફ કોંગ્રેસને ૫૩ બેઠકનો ફાયદો અને ૧૪ ટકા વોટનો ફાયદો થયો છે. જયારે ગુજરાતમાં પાટીદાર અને વેપારી વર્ગની નારાજગી પણ તેની માટે કારણભૂત છે.

ગુજરાત વિધાનસભા ચુંટણીમાં એબીપી ન્યુઝ અને સીએસડીએસ- લોકનીતિએ ઓક્ટોબરથી અત્યાર સુધી થયેલા ઓપીનીયન પોલનો આખરી અહેવાલ પણ જાહેર થયો છે. જેમાં સ્પષ્ટપણે જોવા મળ્યું છે ગુજરાતમાં ભાજપનો જનાધાર ઘટી રહ્યો છે અને સામાન્ય લોકો ખુબ જ નારાજ છે. સીએસડીએસ-લોકનીતિએ આ તબક્કાનો પ્રથમ સર્વે ઓગસ્ટ ૨૦૧૭માં કર્યો હતો. જેમાં સામે આવ્યું હતું કે ભાજપને કોંગ્રેસ કરતા વધુ બેઠક મળી રહી છે. સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે ભાજપના ખાતામાં ૫૯ ટકા વોટનું અનુમાન હતું. જયારે કોંગ્રેસના હિસ્સામાં માત્ર ૨૯ ટકા વોટ જવાની સંભાવના હતી. જયારે બાકીના ૧૨ ટકા વોટ અન્ય પક્ષને મળવાનું અનુમાન હતું.

આ વોટ શેરના આધારે એબીપી ન્યુઝે જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપને ૧૪૪ થી ૧૫૨ બેઠક મળી શકે તેમ છે. એટલે કે ભાજપને ઓછામાં ઓછી ૧૪૮ બેઠકો મળશે તેવું અનુમાન હતું. જયારે આ જ વોટ

શેરના આધારે કોંગ્રેસને ૨૬ થી ૩૨ બેઠકો મળવાનું અનુમાન હતું. આ સર્વેમાં વોટ શેરનું અનુમાન લગાવવામાં આવે છે અને તેના આધારે બેઠકોનું ગણિત ગોઠવવામાં આવે છે. સીએસડીએસ પહેલેથી જ આ પરંપરા પર કામ કરે છે.

આવી જ રીતે સીએસડીએસ લોકનીતિ સર્વેનો બીજા તબક્કાનો સર્વે ઓકટોબર ૨૦૧૭માં આવ્યો હતો. આ સર્વેમાં ભાજપનો વોટશેર ઘટીને ૪૭ ટકા થવાનું અનુમાન હતું. જે ઓગસ્ટ મહિનાના અનુમાન કરતા ૧૨ ટકા ઓછો હતો. જયારે આ જ વધારો કોંગ્રેસના ખાતામાં જોવા મળ્યો અને તેનો વોટ શેર વધીને ૪૧ ટકા થવાનું અનુમાન હતું. તેમજ આ વોટ શેરના આધારે એબીપી ન્યુઝે ગણતરી કરીને જણાવ્યું કે ભાજપને ૧૧૩ થી ૧૨૧ બેઠક મળી શકે છે. જયારે ભાજપને ઓછામાં ઓછી ૧૧૭ બેઠક મળશે. આ આંકડા જ ઓગસ્ટના મુકાબલે ભાજપને ૩૧ બેઠકનું નુકશાન દર્શાવે છે. જયારે આ જ સર્વેમાં કોંગ્રેસને ૫૮ થી ૬૪ બેઠક મળવાનું અનુમાન લગાવવાના આવ્યું હતું. એટલે કે કોંગ્રેસની બેઠક ૩૨ થી વધીને ૬૧ સુધી પહોંચવાનું અનુમાન હતું. આજ સર્વેના આખરી તબક્કામાં નવેમ્બર ૨૦૧૭માં કરવામાં આવ્યો છે. આ સર્વેમાં મતદાનને એક અઠવાડિયા જેટલો જ સમય બાકી રહ્યો છે. જો કે આ સર્વેમાં બહાર આવ્યું કે કોંગ્રેસે ભાજપને પાછળ મૂકી દીધી છે. જેમાં ગુજરાતના ચારમાંથી ત્રણ ઝોન કોંગ્રેસ સાથે ઉભેલા નજરે પડે છે. તેમજ તેનો વોટશેર વધીને ૪૩ ટકા સુધી પહોંચ્યો છે. જયારે ભાજપને ૪ ટકા નુકશાનનું અનુમાન કરવામાં આવ્યું છે. એટલે કે આ આખરી સર્વેમાં ભાજપ અને કોંગ્રેસ વોટશેરના મામલે આમને સામને આવીને ઉભા છે.

જો કે ચેનલોનું માનીએ તો ભાજપને ૯૧-૯૯ બેઠક અને કોંગ્રેસને ૭૮- ૮૬ બેઠક મળી શકે તેવું અનુમાન છે. એટલે છે ભાજપને વધુમાં વધુ ૯૫ અને કોંગ્રેસને વધુમાં વધુ ૮૨ બેઠક મળી શકે તેમ છે. આ જ ગણતરીને આધાર માનીએ તો છેલ્લા ત્રણ મહિનામાં ભાજપને ૫૩ બેઠકનું નુકશાન અને કોંગ્રેસને ૫૩ બેઠકનો ફાયદો થતો નજરે પડે છે.

બાળકોના કુપોષણ અને અદાણી હોસ્પિટલ સંદર્ભે રાહુલના સવાલ

મોદીને બાળકોના કુપોષણ અને અદાણીને આપેલી હોસ્પિટલ મુદ્દે પૂછ્યો સવાલ પૂછ્યો છે. રાહુલ ગાંધીએ પૂછ્યું છે કે જો ગુજરાતમાં વિકાસ થયો છે તો રાજ્યના ૩૯ ટકા બાળકો કુપોષિત કેમ છે. તેમજ દર હજારે ૩૩ બાળકોને નવજાત મૃત્યુના શિકાર કેમ બને છે. તેમજ રાજ્યમાં એક તરફ મેડીકલ સેવા મોંઘી થઈ રહી છે અને ડોકટરોનો પણ અભાવ છે. તેમજ આ બધા વચ્ચે ભુજમાં સરકારે અદાણીને ૯૯ વર્ષ માટે હોસ્પિટલ આપી દીધી છે તે મુદ્દો પણ પૂછ્યો છે. રાહુલ ગાંધીએ પૂછ્યું કે રાજ્યમાં આ પ્રકારની વ્યવસ્થા જ તમારું આરોગ્ય પ્રબંધન છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભા ચુંટણીને લઈને પ્રચાર હવે અંતિમ તબક્કામાં છે. તેવા સમયે રાહુલ ગાંધીએ ગુજરાત મુદ્દે પીએમ મોદીને પૂછવાના શરુ કરેલા સાતમા સવાલમાં આજે રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ વધેલી મોંઘવારી પર વાર કર્યો છે.

રાહુલ ગાંધીએ લખ્યું છે કે , જુમલાની બેવફાઈ મારી ગઈ, નોટબંધીની લુટ મારી ગઈ, જીએસટી સમગ્ર કમાણી લઈ ગઈ અને બાકી કશું વધ્યું તે મોંઘવારી લુંટી ગઈ. વધતા ભાવ જીવન નિર્વાહ મુશ્કેલ બસ અમીરોની બનશે ભાજપ સરકાર.

આગળ આ ટ્વીટમાં ફોટો પણ મુકવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૧૪ના ચીજ વસ્તુઓના ભાવ અને વર્ષ ૨૦૧૭માં ચીજ વસ્તુઓના ભાવને સરખાવવામાં આવ્યા છે, જેમાં ગેસ સીલીન્ડરથી લઈને ડીઝલની કિંમતો દર્શાવવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૪ થી અલગ અલગ ચીજ વસ્તુઓના ભાવમાં ૧૧૩ થી ૧૮૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તેમજ ભાજપ કર્યો ગહેરો વાર, બહુ થયો મોંઘવારીનો વાર, મોંઘુ શિક્ષણ, મોંઘો ઈલાજ, ગુજરાત પર મોંઘવારીનું રાજ જેવા સ્લોગન પણ આ બેનરમાં મુકવામાં આવ્યો છે.

કોંગ્રેસ ક્યારેય આદિવાસીઓની સમસ્યા પર ધ્યાન નહોતુ આપ્યું : મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ગુજરાતમાં ચૂંટણીલક્ષી સભાઓને સંબોધન કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ ખાતે જનસભાને સંબોધન કરવા પહોંચ્યા હતા. આ અગાઉ પીએમ મોદીએ ધંધૂકા ખાતે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ દાહોદ ખાતે સંબોધન કરતાં કહ્યું કે પહેલા આદિવાસીઓ માટે અલગ મંત્રાલય ન હતું, ભાજપે આદિવાસીઓ માટે અલગ મંત્રાલય બનાવ્યું.

કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓ માટે કોઈ યોજના નહોતી. પીએમ મોદીએ કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે કોંગ્રેસે ક્યારેય આદિવાસી માટે ધ્યાન આપ્યું નહોતું. કોંગ્રેસે પછાતના નામે રાજકારણ કર્યું. આ ચૂંટણી વિકાસના મુદ્દે છે. આદિવાસી ભાઈ-બહેનોનું બેન્કમાં ખાતુ નહોતું. ૧૮૦૦ કરોડ રૂપિયા સરકારે ગરીબોને ચૂકવ્યા. ભાજપે ગરીબોના ઘરોમાં વીજળી પહોંચાડી.

પહેલા ગેસ જોડાણ માટે નેતાઓના ઘરે આંટા મારવા પડતાં હતા.

પીએમ કહ્યું કે તમારો ભાઈ દિલ્હી ગયો અને ધુમાડામાંથી મુક્તિ આપવાનું કામ કર્યું. ગેસ જોડાણ આપી ધુમાડામાંથી મુક્તિ આપવાનું કામ ભાજપ સરકારે કર્યું. આખા દેશમાં ૧૦૦ સ્માર્ટ સીટીની યાદી બનાવવામાં આવી, જેમાં દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસ હવે સંવેદનશીલ મતદાન મથકો પર મહિલાઓની ફોજ ઉતારશે

અમદાવાદ,તા.૬

ગુજરાત કોંગ્રેસનું ગ્રાઉન્ડ વર્ક અને મતદાન જૂથનું આયોજન નબળું હોવાનું વારંવાર ચર્ચાઈ રહ્યું છે. આ વાતને ધ્યાનમાં રાખી ગુજરાત કોંગ્રેસે રાજ્યના તમામ મતદાન બૂથ અને ખાસ કરીને જે સંવેદનશીલ વિસ્તારો છે ત્યાં મહિલાઓની ફોજ ઉતારવાનું નક્કી કર્યું છે. બૂથ પર ભાજપી કાર્યકરોનું એકતરફી વર્ચસ્વ હોય છે અને તેમની દાદાગીરીનો સામનો કોંગ્રેસના કાર્યકરોએ કરવો પડે છે, ત્યારે હવે મહિલાઓ તૈનાત હશે તો તેમને થોડો સંકોચ થશે અને શિસ્ત જળવાઈ રહેશે, તેવા ગણિત સાથે કોંગ્રેસ આવી તૈયારીઓ કરી રહી છે. ગુજરાત કોંગ્રેસના પ્રવકતા કૈલાસ ગઢવીએ જણાવ્યું હતું એ અમે ૩૩ ટકા મહિલાઓને બૂથ પર હાજર રાખવાના છીએ, તેઓ ત્યાં વ્યવસ્થા અને શિસ્ત જાળવશે અને એક 'સાયકલોજીકલ ઈન્વેક્ટ' પણ તેની પડશે તેમણે જણાવ્યું હતું કે બૂથ પર જે લુખ્ખાગીરી બતાવી મતદારોને ડરાવી-ધમકાવીને સ્વતંત્ર અને નિડરતાથી મતદાન કરવા દેવામાં આવતું નથી. તેનો નિવેડો લાવવાનો આ એક પ્રયત્ન છે.

બૂથ પર મહિલાઓને રાખવાની વાત કરતી કોંગ્રેસે મહિલાઓને ટિકિટ આપવામાં આ ભાવના નથી રાખી, તેમ પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે અમને જેટલી અરજી આવી હતી તેના પ્રમાણમાં અમે મહિલાઓને સારા પ્રમાણમાં ટિકિટ આપી છે. ભાજપે મહિલાઓને ટિકિટ આપવામાં આટલી ઉદારતા દાખવી ન હોવાનો દાવો તેમણે કર્યો હતો.

મોદી હતાશામાં જ આરોપોની રાજનીતિ કરે છે : સુરજેવાલા

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં ભાજપના શાસનમાં આર્થિક બિનકાર્યક્ષમતા

અને કરોડોના ભ્રષ્ટાચારના કારણે રાજયની એસટી નિગમ પરિવહન સેવા ખાડે ગઈ છે. આજે સ્થિતિ એ છે કે, ગુજરાતમાં એસ.ટી પરિવહન સેવામાં પ્રતિદિન રૂ.૧ કરોડ, ૧૧લાખ, ૬૦હજાર, ૫૦૦નું નુકસાન થઈ રહ્યું છે. એટલે કે, પ્રતિ મિનિટ રૂ.૭૦૫૦નું જબરદસ્ત નુકસાન.. આ ગંભીર આરોપ આજે કોંગ્રેસના રાષ્ટ્રીય મીડિયા પ્રભારી અને સિનિય નેતા એવા રણદીપ સૂરજેવાલાએ લગાવ્યા હતા. સૂરજેવાલાએ આજે અમદાવાદની મુલાકાત દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ સીધુ નિશાન સાધતાં જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં જ ભાજપની હાર ભાળી ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હતાશામાં આરોપોની રાજનીતિ કરી રહ્યા છે પરંતુ તેનાથી કંઈ નહી વળે. આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની જનતાની પોતાની સરકાર બનવાની છે. કારણ કે, લોકો હવે ભાજપ અને મોદીને ઓળખી ગયા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણદીપ સૂરજેવાલાએ ગુજરાતની પરિવહન સેવાને લઈને ભાજપના શાસન પર ભ્રષ્ટાચારના આરોપ લગાવતાં જણાવ્યું હતું કે, ભાજપ તેના કુશાસનમાં પ્રજાને વીજળી, પાણી, સિંચાઈ, રસ્તા, પરિવહન સેવા જેવી મૂળભૂત સેવા આપવામાંથી પણ ચૂકી ગઈ છે. ઉલ્ટાનું તમામ ક્ષેત્રોમાં ખાનગીકરણ એ જાણે ભાજપની નીતિ બની ગઈ છે.

જિગ્નેશ મેવાણીના કાફલા પર હુમલો, પથ્થર મારી ગાડીના કાચ તોડ્યા

દલિત નેતા જિગ્નેશ મેવાણી સોમવારે પોતાના વડગામ મતક્ષેત્રમાં આવેલા જુદા જુદા ગામોમાં પ્રચાર કાર્ય કરી રહ્યા હતા તે દરમ્યાન ટાકરવાડા અને પટોસણ ગામમાં વાહનો પર પથ્થરો ફેંકી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાના પગલે ગઢ પોલીસનો સ્ટાફ તાત્કાલિક પટોસણ પહોંચી પરિસ્થિતિ થાળે પાડી હતી.

જન સંપર્ક યાત્રા ટાકરવાડા ગામમાં પહોંચી હતી જયાં જિગ્નેશ મેવાણીની પાછળની કાર પર પથ્થર વડે હુમલો થતા મેવાણીએ પોતાના કાફલા પર થયેલા હુમલાની પ્રથમ જાણ ટ્વીટરથી કરી હતી બાદમાં પટોસણ ગામમાં પહુચેલા મેવાણીનાં કાફલા પર ઠાકોર સેનાના આગેવાનના વાહન પર પથ્થર વડે હુમલો કરી ઈજા પહુચડવાની કોશિષ કરી હતી. આ મામલાની જાણ ગઢ પોલીસને થતા એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહુચી હતી. અને મામલો શાંત પાડ્યો હતો. જિગ્નેશ મેવાણીએ હુમલા પાછળ ભાજપનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો.

દરિયો મહામૂલી જમીન ભરખી રહ્યો છે, છતાં પાર્ટીઓના ચૂંટણી ઢંઢેરામાં આ મુદ્દાનો અભાવ

સોમનાથ, દ્વારકા સહિત સૌરાષ્ટ્ર અને દક્ષિણના વિસ્તારોમાં દરિયાના પાણી

રાજ્યના કચ્છ, જામનગર અને ભરૂચને સૌથી વધુ જોખમ સર્જાયું છે

૨૦૫૦ સુધીમાં ભારતના ચાર કરોડ લોકોના અસ્તિત્વ પર ખતરો મંડાશે

ક્લાયમેટ ચેન્જ અને ગ્લેશિયર પિગળવાના કારણે દરિયાની પાણીની સપાટી ઝડપથ ઉપર આવી રહી છે ત્યારે ગુજરાતમાં હજારો હેક્ટર જમીન બદબાદ થઈ રહી છે છતાં સરકારને તેની કોઈ ચિંતા નથી. રાજ્યના દરિયાકિનારે વસતા રહિશો ભયભીત બન્યા છે. સરકારને રિપોર્ટ સોંપવા છતાં કોઈ એક્શન લેવાતા નથી, બીજી તરફ હજારો પરિવારોનું સ્થળાંતર કરવાની નોબત આવી રહી છે.

ગુજરાતમાં હાલ વિધાનસભાની ચૂંટણી છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો આવી ગયો છે અને ભાજપનો ઢંઢેરો બાકી છે. કોંગ્રેસે તેના ઢંઢેરામાં દરિયાકિનારાના વિસ્તારો માટે ચિંતા કરી નથી. આ સ્થિતિનો ઉલ્લેખ પણ નથી. ભાજપના ઢંઢેરામાં આ સ્થિતિ અંગે જો ઉલ્લેખ નહીં હોય તો આ વિસ્તારના લોકો રામભરોસે મૂકાઈ શકે છે. હકીકતમાં ચૂંટણી લડતી રાજકીય પાર્ટીઓએ દરિયાકિનારાની જમીનના ધોવાણને પણ ચૂંટણી મુદ્દો બનાવવો જોઈએ.

ક્લાઈમેટ ચેન્જના કારણે પશ્ચિમ અને પૂર્વ ભારતના અનેક કાંઠાવિસ્તારોમાં સમુદ્રની સપાટીમાં ભયજનક વધારો થઈ રહ્યો છે. ૧૨૦ જેટલી વિવિધ સંસ્થાઓના ૨૨૦ વિજ્ઞાનીઓએ વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ તૈયાર કરેલા સરકારી રિપોર્ટમાં કેટલીક ચોંકાવનારી હકીકતો રજૂ કરવામાં આવી છે. એમાં જણાવવામાં આવ્યું છે કે પશ્ચિમ કાંઠે ખાસ કરીને મુંબઈ, કોંકણ તથા ગુજરાતમાં કચ્છ અને ખંભાતના કાંઠાવિસ્તારોમાં સમુદ્ર અગાઉ કરતાં વધુ ઝડપથી આગળ વધી રહ્યો છે. આ ઉપરાંત કેરળના કાંઠાવિસ્તારોમાં પણ સમુદ્રની સપાટી વધી રહી છે.

ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રને સોંપેલો આ રિપોર્ટ વિવિધ શાખાના વિજ્ઞાનીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. નિષ્ણાતોએ ડિજિટલ ઈમેજ પ્રોસેસિંગ, જીઆઈએસ સૉફ્ટવેર તથા ડિજિટલ એલિવેશન મૉડલ ડેટા જેવાં લેટેસ્ટ ઉપકરણો અને સૉફ્ટવેરની મદદથી આ અભ્યાસ કર્યો હતો. અહેવાલ મુજબ તમામ ખાડી અને કાંઠાની નીચાણવાળી જમીનો તથા નદીમુખના વિસ્તારોમાં સમુદ્રની સપાટીમાં ઝડપથી વધારો થાય છે અને એનું મુખ્ય કારણ ક્લાઈમેટ ચેન્જ છે.

ગુજરાતના સોમનાથ, દ્વારકા સહિત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જમીન વિસ્તારોમાં દરિયાના પાણી ઘૂસી રહ્યાં છે તેવા ભારત સરકારના એક અહેવાલ પછી યુનાઈટેડ નેશન્સના એન્વાયર્નમેન્ટ રિપોર્ટમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે દરિયાની વધતી સપાટીને કારણે ૨૦૫૦ સુધીમાં ભારતના ચાર કરોડ લોકોના અસ્તિત્વ પર ખતરો મંડાશે, તેમણે તેમની રહેવાની જગ્યા શિફ્ટ કરવી પડશે.

દરિયાની વધતી સપાટીના કારણે દેશના બે મોટા શહેરો મુંબઈ અને કોલકત્તા પર આફત છે ત્યારે બીજા શહેરો પણ ઝપટમાં આવી શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ક્લાયમેટ ચેન્જની સૌથી મોટી ખરાબ અસર પેસિફિક અને સાઉટ ઈસ્ટ એશિયામાં પડી છે. દરિયાની સપાટી વિશ્વના કુલ ૧૦ દેશોને ગંભીર અસર કરી શકે છે. ભારત ઉપરાંત બાંગ્લાદેશના અઢી કરોડ લોકો, ચાઈના ના બે કરોડ લોકો અને ફિલિપાઈન્સના દોઢ કરોડ લોકો બેઘર બની શકે છે.

રિપોર્ટ નોંધે છે કે એશિયન કન્ટ્રીમાં ખૂબ ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે તેની આ અસર છે. નેચરલ ડિઝાસ્ટર્સને રોકવાની કેપેસિટી સામે કુદરતી આફતનો પંજો ખૂબ મોટો છે. અમરેલી સમયગાળામાં દરિયાની સપાટી એક મીટર વધી છે. જેની અસર ગુજરાતમાં દરિયા કિનારાના વિસ્તારમાં પણ વર્તાઈ છે.

ગુજરાતના ૧૬૪૦ કિ.મી દરિયા કિનારાની હલચલ વિશે ચેન્નાઈની ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશન મેનેજમેન્ટ અને ભારત સરકારના પર્યાવરણ વિભાગના સર્વેક્ષણ પ્રમાણે ગુજરાતના ૭૩૨ કિ.મી ના દરિયા કિનારા વિસ્તારમાં દરિયાના પાણી ગામ તરફ આગળ વધી રહ્યા છે. ગુજરાતના કચ્છ,જામનગર અને ભરૂચમાં ભયજનક રીતે દરિયો માનવવસ્તી તરફ આગળ વધી રહ્યો છે. ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશન મેનેજમેન્ટ રિપોર્ટ પ્રમાણે સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓમાં દરિયો ઓછા-વત્તા પ્રમાણમાં આગળ વધી રહ્યો છે,જયારે જામનગર,અમરેલી, ગીર સોમનાથ, અને ભાવનગરમાં સૌથી વધારે નુકસાન થયું છે. જામનગર અને દ્વારકામાં કુલ ૯૦ કિ.મી સુધી દરિયો આગળ વધ્યો છે. ગીર સોમનાથ અને જૂનાગઢમાં ૧૦૦ કિ.મી, ભાવનગરમાં ૬૦૦ કિ.મી અને અમરેલીમાં ૩૦ કિ.મીનો કિનારોમાં દરિયાના પાણી ફરી વળ્યા છે.